અમદાવાદમાં પાણીજન્ય રોગચાળો બેકાબુ, ઝાડા ઉલટીના 1366 અને કોલેરાના 18 કેસ નોંધાયા

અમદાવાદ, તા.૧

અમદાવાદમાં રોગચાળો ફાટી નીકળ્યો છે. ઝાડા ઉલટીના 1366 તથા કોલેરાના 18 કેસ નોંધાયા છે. અમરાઈવાડી, વટવા, દાણીલીમડા, મણીનગર, લાંભા, વસ્ત્રાલ, ભાઈપુરા, ઈન્દ્રપુરી વોર્ડમાં કોલેરાના કેસ નોંધાયા છે. ત્યારે આરોગ્ય વિભાગ યોગ્ય પગલાં લે તેવી માગ કરવામાં આવી રહી છે.

શહેરમાં પાણીમાં પોલ્યુશન આવવા અંગેની ફરિયાદના મ્યુનિસિપલ તંત્ર તરફથી સમયસર નિકાલ કરવામાં આવતો નથી. આ કારણથી પાણીજન્ય રોગના કેસ સતત વધી રહ્યા છે, એપ્રિલ મહિનામાં ટાઈફોઈડના 323 તથા કમળાના 141 કેસ નોંધાયા છે. મચ્છરજન્ય એવા ડેન્ગ્યુના 36 કેસ નોંધાયા છે. મેલેરિયાના 31, ઝેરી મેલેરિયાના 2 તથા ચિકનગુનિયાનો એક કેસ નોંધાયો છે.

મ્યુનિસિપલ આરોગ્ય વિભાગ તરફથી લેવામાં આવેલ મ્યુનિસિપલ પુરવઠાના પાણીના સેમ્પલ પૈકી એક મહિનામાં 544 પાણીના સેમ્પલનો ક્લોરીન રિપોર્ટ નીલ આવ્યો છે.

એપ્રિલ મહિનામાં બેક્ટેરિયા લોજીકલ તપાસ માટે 4464 સેમ્પલ લેવાયા હતા. આ પૈકી 134 અનફીટ જાહેર થયા છે. ત્યારે અમદાવાદ મહાપાલિકાનો આરોગ્ય વિભાગ શહેરમાં લોકોના સ્વાસ્થ્ય અંગે કેવા પગલાં લે છે. તે તો આગામી સમયજ બતાવશે.

અમદાવાદમાં પાણીજન્ય રોગોની ઝોન મુજબ સ્થિતિ

ઝોન	ઝાડા-ઊલટી	કમળો	ટાઇફોઇડ
મધ્ય	160	52	51
પશ્ચિમ	240	24	82
ઉત્તર પશ્ચિમ	64	38	51
દક્ષિણ પશ્ચિમ	115	27	54
ઉત્તર	639	94	142
પૂર્વ	678	65	238
દક્ષિણ	1058	185	438

અમરાઈવાડી, વટવા, દાણીલીમડા, મણીનગર, લાંભા, વસ્ત્રાલ, ભાઈપુરા, ઈન્દ્રપુરી વોર્ડમાં કોલેરાના કેસ નોંધાયા

■ વેસુમાં આવેલા દીક્ષાદાનેશ્વરી સંયમતીર્થ મહાવિદેહ ધામ ખાતે કન્યા સંસ્કરણ શિબિર પ. પૂ. પદ્મભૂષણ આ. દેવશ્રી રત્નસુંદરસૂરિ મ.સા.ની પાવન પ્રેરણા અને શ્રમણી ગણનાયક આ. દેવશ્રી રશ્મિરત્નસૂરિ મ.સા.ની આજ્ઞાથી પ્રવર્તિની પ. પૂ. સા. પુણ્યરેખાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ. પૂ. સા. સૌમ્યરેખાશ્રીજી મ.સા. અને પ.પૂ. સા. ધન્યરેખાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સુંદર રીતે સંપન્ન થઈ હતી. આપણી દીકરીઓમાં પ્રાચ્ય સંસ્કૃતિ અને મોબાઇલ, વેબસીરીઝ ઇત્યાદીના માધ્યમે જે ગલત સંસ્કારો પડી રહ્યા છે અને લવજેહાદ વગેરેના કારણે આખી હિંદુ સંસ્કૃતિ જાખમમાં મુકાઈ ગઈ છે. તો દીકરીઓને (૧૫થી ૩૦ વર્ષની) ડ્રગ્સ-ડ્રિંક્સ-સ્યુસાઇટ અને ઇન્ટરકાસ્ટ મેરેજ જેવી દુઃખદ ઘટનાઓથી બચાવવાના શુભાશયથી સર્વસિદ્ધિદાય ટ્રસ્ટે આ સમગ્ર આયોજનનો લાભ લીધો. ૨૦૦ જેટલી દીકરીઓ આ સુંદર શિબીરમાં જાડાઇને આ તમામ દૂષણોનો બહિષ્કાર કરવા સંકલ્પબદ્ધ બની હતી. **(તસવીર ડિમ્પલ બંગડીવાલા)**

બાળકોને રાષ્ટ્ર-સંસ્કૃતિ અને ધર્મપ્રેમી બનાવવો હોય તો સંસ્કારોનું સિંચન કરવા તપોવનની સ્થાપના કરો: જિનસુંદરસુરીશ્વરજી

વડોદરા, તા.૧

વડોદરાના માંજલપુર જૈન સંઘમાં સંસ્કારશિલ્પી પૂજ્યપાદ આચાર્યદેવ જિનસુંદરસુરીશ્વરજી મહારાજાની નિશ્રામાં "શાસન પ્રભાવનાથી એક એક કદમ આગળ" વિષય પર પ્રવચન રાખવામાં આવ્યું હતું અને પ્રવચન બાદ સર્વે ભક્તો માટે નવકારશી રાખવામાં આવી હતી. તથા વડોદરા મુકામે એક નવો જ ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. મનહરભાઈની ઉદારદિલ સુપુત્રી બિનાબેન અને એમનો પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. જિનસુંદરસૂરિશ્વરજીએ જણાવ્યું કે મુગલોના આક્રમણોમાં મંદિર અને મૂર્તિના ખંડન થયા હતા. અને માથાઓ કપાયા હતા. જ્યારે અંગ્રેજોના આક્રમણોમાં નથી થયું. મંદિર કે મૂર્તિનું ભંજન કે નથી કપાયા માથાઓ પણ માથાઓ ફેરવાયા છે. મંદિર ઉભા છે- મૂર્તિ પ્રતિષ્ઠિત છે પણ આજનું યુવાધન મંદિરમાં જવા તૈયાર નથી. કારણકે અંગ્રેજો અને તેના શિક્ષણે યુવાધનને નાસ્તિક બનાવી દીધા છે. ભાવિ ખૂબ અંધકારમય લાગી રહ્યું છે. જો રાષ્ટ્રરક્ષા-સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષા કરવી હશે તો આજના યુવાધનની રક્ષા જરૂરી છે. અને તે રક્ષાનું કાર્ય બાળપણથી કરવું પડશે. તે માટે સારા સંસ્કારોનું સિંચન કરવું પડશે, પણ આ બધુ કેવી રીતે કરી શકાશે ?

યુગપ્રધાન આચાર્યસમ પૂજ્યપાદ પંન્યાસપ્રવર ચન્દ્રશેખર વિ.મ.સાહેબે આવનારા ભાવિ અંધકારને દૂર કરવા માટે 45 વર્ષ પૂર્વે જ તૈયારી શરૂ કરી દીધી હતી અને નવસારી તથા અમદાવાદ મુકામે માત્ર બાળકોને સંસ્કાર આપવા માટે ભાવિ પેઢીને શ્રદ્ધાળુ બનાવવા માટે રાષ્ટ્ર, સંસ્કૃતિ અને ધર્મરક્ષકોને તૈયાર કરવા માટે તપોવનોની સ્થાપના કરી અને આજે 45 વર્ષ પછી તેના મીઠા ફળ સૌ ચાખી રહ્યા છે. અને હવે તો મુંબઈ-સુરત- અમદાવાદ વગેરે સ્થાનોમાં પણ નવા તપોવનોની સ્થાપના થઈ ગઈ છે. તેની જાહેર પણ આજે કરવામાં આવશે.

માટે વડોદરાના મોટા શ્રેષ્ઠિઓ, માંજલપુરનું ટ્રસ્ટ મંડળ પ્રકાશ દિવ્યેશ વગેરે તથા વડોદરાના ભામાશા

વડોદરા જૈન સંઘમાં આચાર્યદેવ જિનસુંદરસુરીશ્વરજી મહારાજાની નિશ્રામાં "શાસન પ્રભાવનાથી એક એક કદમ આગળ" વિષય પર પ્રવચન રાખવામાં આવ્યું

ગુમ થયેલા દસ્તાવેજો અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા-વળગતા સૌએ આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે સર્વે નં. ૭૮/૧, ૭૯/૨ પૈકી, બ્લોક નં. ૧૩૨ પૈકી, ટી.પી.સ્કીમ નં. ૨૦ (નાના-વરાછા) એફ.પી.નં.:- ૧૯/અ અને ૧૯/બ, વાળી બિનખેતીની જમીન પર બાંધવામાં આવેલ ''ગાર્ડન ગેટ એપાર્ટમેન્ટ''ના ગ્રાઉન્ડ ફલોર પર આવેલ દુકાન નં. ૧૧ તથા ૧૨ વાળી મિલકત જેનું કુલ બિલ્ટઅપ એરીયાનું ક્ષેત્ર. ૧૪૨.૮૩ ચો.મી. છે. તે મિલકતની હાલની માલિકી (૧) હરેનભાઇ લાલજીભાઇ વીરડીયા તથા (૨) અસ્મીતાબેન હરેનભાઇ વીરડીયાની ચાલી આવેલ છે. સદરહુ મિલકતને લાગતા અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની રજીસ્ટ્રેશન ફી ભર્યાની રસીદ ક્યાંક ગેરવલ્લે યાને ગુમ થયેલ છે જેની વિગત નીચે મુજબ છે.

અ.નં.	દુકાન નં.	દસ્તાવેજ નં.	રજી.તારીખ	અસલ ગુમ થયેલ દસ્તાવેજની વિગત
(૧)	૧૧ તથા ૧૨	૧૨૫૦૯	૨૯-૦૫-૨૦૦૮	અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની અસલ રજી.ફી. ભર્યાની રસીદ

ઉપરોક્ત મિલકતના અસલ વેચાણ દસ્તાવેજો તથા તેની રજીસ્ટ્રેશન ફી ભર્યાની રસીદ ક્યાંક ગેરવલ્લે યાને ગુમ થયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. જેની સદરહું મીલકત ઉપર કોઇપણ વ્યક્તિ,શખ્સ, સંસ્થા,બેંક કે સરકારી કે અન્ય કોઇનો કોઇ પણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિસ્સો, અગ્રહક્ક, ઇઝમેન્ટ રાઇટસ કે દર-દાવો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે તે અંગેના લેખિત આધાર-પુરાવા સાથે દિન-૭ માં અમોને નીચેના સરનામે રૂબરૂ લેખિત જાણ કરવી. મુદ્દત વીત્યેથી સદરહું મીલકત અંગે કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી. તા.૦૨-૦૫-૨૦૨૪, સ્થળ: સુરત.

ઠેકાણ : ૬૩, સંતતૃકારામ સોસાયટી વિભાગ-૨, ઓમ રેસીડન્સીની પાછળ, પાલનપુર જકાતનાકા, સુરત. મો.નં. ૮૮૬૬૮-૩૫૬૭૭

સુનિલ ડી. જાવીયા (એડવોકેટ)

જાહેર નોટીસ/ સમન્સ — નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં

અરજદાર : વજ્યાબેન જીવણભાઇ ગામીત — જન્મ મરણ નોંધણી અરજી નં.૭૯/૨૦૨૪
રહે.: પાલગભાણ, તા.વાંસદા,જી.નવસારી
વિરુધ્ધ
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,પાલગભાણ, તા.વાંસદા,જી.નવસારી.

આ કામના અરજદારશ્રી વજ્યાબેન જીવણભાઇ ગામીત રહે. પાલગભાણ, તા.વાંસદા જી.નવસારીએ તેમના પુત્રી સંગીતાબેન જીવણભાઇ ગામીતનો જન્મ મોજે.પાલગભાણ, તા.વાંસદા, જી.નવસારી મુકામે તા.૦૧/૦૫/૧૯૮૪ ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલી નહીં હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતાં તમામને આ જાહેર નોટીસ/ સમન્સથી જાણ કરવામાં આવે છે કે સદર કામે અરજદારની અરજી સામે કોઇના કોઇ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોય તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઇ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઇ વાધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૧૯/૪/૨૦૨૪ — કોર્ટનો સિક્કો — (ડી.આઇ.પટેલ) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા
સ્થળ: વાંસદા

જાહેર નોટીસ/ સમન્સ — નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં

અરજદાર : જયેશભાઇ મોહનભાઇ ઢીમ્મર — જન્મ મરણ નોંધણી અરજી નં.૮૨/૨૦૨૪
રહે.: ઉનાઇ, હાઉસિંગ સોસાયટી, તા.વાંસદા,જી.નવસારી
વિરુધ્ધ
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,ઉનાઇ, તા.વાંસદા,જી.નવસારી.

આ કામના અરજદારશ્રી જયેશભાઇ મોહનભાઇ ઢીમ્મર રહે. ઉનાઇ, હાઉસિંગ સોસાયટી, તા.વાંસદા જી.નવસારીએ તેમના દાદી મંછીબેન ધનજીભાઇ ઢીમ્મરનું મરણ મોજે.ઉનાઇ, તા.વાંસદા, જી.નવસારી મુકામે તા.૦૪/૧૨/૨૦૦૨ ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલી નહીં હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતાં તમામને આ જાહેર નોટીસ/ સમન્સથી જાણ કરવામાં આવે છે કે સદર કામે અરજદારની અરજી સામે કોઇના કોઇ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોય તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઇ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઇ વાધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૧૯/૪/૨૦૨૪ — કોર્ટનો સિક્કો — (ડી.આઇ.પટેલ) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા
સ્થળ: વાંસદા

જાહેર નોટીસ/ સમન્સ — નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં

અરજદાર : લલીતાબેન કાંતિભાઇ ગામીત — જન્મ મરણ નોંધણી અરજી નં.૮૦/૨૦૨૪
રહે.: કુરેલીયા, તા.વાંસદા,જી.નવસારી
વિરુધ્ધ
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,કુરેલીયા, તા.વાંસદા,જી.નવસારી.

આ કામના અરજદારશ્રી લલીતાબેન કાંતિભાઇ ગામીત રહે. કુરેલીયા, તા.વાંસદા જી.નવસારીએ તેમના પુત્ર હિતેશકુમાર કાંતીભાઇ ગામીતનો જન્મ મોજે.કુરેલીયા, તા.વાંસદા, જી.નવસારી મુકામે તા.૧૯/૧૦/૧૯૮૦ ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના જન્મની નોંધણી સામાવાળા સમક્ષ થયેલી નહીં હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ/સમન્સથી જાણ કરવામાં આવે છે કે સદર કામે અરજદારની અરજી સામે કોઇના કોઇ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોય તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઇ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઇ વાધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૧૯/૪/૨૦૨૪ — કોર્ટનો સિક્કો — (ડી.આઇ.પટેલ) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા
સ્થળ: વાંસદા

જાહેર નોટીસ — મિતેશ પટેલ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ચીખલીની કોર્ટમાં

વાદી : મંગુભાઇ ભીખાભાઇ પટેલ, — નં.એમએજી/જ.મ.પ./રજી.નં.૧૫/૨૦૨૪
રહે. ખાંભડા,સામર ફળીયા,તા.ચીખલી,જી.નવસારી — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી, તાલુકા સેવા સદન,બીજો માળ,ચીખલી,જિ.નવસારી
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી ખાંભડા, તા.ચીખલી,જી.નવસારી તા. /૦૪/૨૦૨૪

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી મંગુભાઇ ભીખાભાઇ પટેલ, રહે. ખાંભડા,સામર ફળીયા, તા.ચીખલી, જી.નવસારીએ પોતાના જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ના રોજ મોજે. ખાંભડા, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ છે અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભૂલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જિ.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો — (મિતેશ પટેલ) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ચીખલી

બેંક ઓફ મહારાષ્ટ્રનો ચોખ્ખો નફો ચોથા ક્વાર્ટરમાં 45 % વધીને 1,218 કરોડ થયો

સુરત, તા.૧

બેન્ક ઑફ મહારાષ્ટ્રે ચોખ્ખી વ્યાજ આવક અને બિન-વ્યાજ આવકમાં મજબૂત વૃદ્ધિ અને પ્રમાણમાં ઓછી કરની જોગવાઈને કારણે બેન્ક ઓફ મહારાષ્ટ્રે 840 કરોડની સામે 1,218 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો અને નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે 45 ટકાની વૃદ્ધિ નોંધાઈ છે.

બેંકે FY24 માટે 10ના ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ 1.40નું ડિવિડન્ડ પણ જાહેર કર્યું હતું અને FY25માં ઈક્વિટી ઈશ્યુ સાથે 7,500 કરોડની મૂડી વધારવાની મંજૂરી આપી હતી.

નિધુ સક્સેના, મેનેજિંગ ડિરેક્ટર અને CEOએ જણાવ્યું હતું કે બેંક છેલ્લા લગભગ 15 ત્રિમાસિક ગાળામાં હાંસલ કરેલ નફાકારકતા અને કાર્યક્ષમતા માપદંડોને જાળવી રાખશે, જો કે જાહેર ક્ષેત્રની બેંકોમાં બેંકનું રેન્કિંગ (વ્યવસાયના કદ દ્વારા) આગામી એક વર્ષમાં બદલાશે. આગામી 2-3 વર્ષમાં બેંકમાં વૃદ્ધિ સાથે નોંધપાત્ર અને મહત્ત્વપૂર્ણ બેંક બનવાનું લક્ષ્ય છે.

વ્યાજની ચોખ્ખી આવક (કમાયેલ વ્યાજ અને વ્યાજ ખર્ચ વચ્ચેનો તફાવત) સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળામાં વાર્ષિક ધોરણે 18 ટકા વધીને 2,584 કરોડ (વર્ષ અગાઉના સમયગાળામાં 2,187 કરોડ) થઈ હતી.

અન્ય આવક, જેમાં ફી આધારિત આવક, ટ્રેઝરી આવક અને લેખિત ખાતામાં વસૂલાત, વાર્ષિક ધોરણે 24 ટકા વધીને 1,022 કરોડ (822 કરોડ) થઈ ગઈ છે. જ્યારે નોન-પરફોર્મિંગ એસેટ્સ (NPAs) માટેની જોગવાઈઓ વાર્ષિક ધોરણે 16 ટકા ઘટીને 457 કરોડ (545 કરોડ) થઈ છે, જ્યારે પ્રમાણભૂત/ પુનઃરચિત સંપત્તિ માટેની જોગવાઈઓ વાર્ષિક ધોરણે 75 ટકા વધીને 491 કરોડ (280 કરોડ) થઈ છે. આવકવેરાની જોગવાઈઓમાં 50 કરોડ (71 કરોડ)નો ઘટાડો થયો છે.

ચોખ્ખાં વ્યાજનું માર્જિન (વાર્ષિક) એક વર્ષ અગાઉના ગાળામાં 3.56 ટકાની સરખામણીએ વધીને 3.92 ટકા થયું છે.

ડિસેમ્બર 2023ના અંતે 2.04 ટકાની સરખામણીએ માર્ચ 2024ના અંતે GNPAની સ્થિતિ સુધરીને કુલ એડવાન્સિસના 1.88 ટકા થઈ ગઈ છે. નેટ એનપીએની સ્થિતિ પણ 0.22 ટકાની સરખામણીએ નેટ એડવાન્સિસના 0.20 ટકા થઈ ગઈ છે.

હમીર રાજાએ વસાવેલું હમીરપુર કાલાંતરે અપભ્રંશ થઈને મીરપુર નગર તરીકે પ્રસિદ્ધ થયું: પદ્મદર્શનજી

સુરત તા.૧

સિરોહી જિલ્લા સ્થિત મીરપુર જૈન તીર્થમાં પદ્મદર્શનવિજયજી મહારાજ અને મુનિ પ્રીતદર્શનજીની પાવન પધરામણી થઇ હતી. આ પાવન અવસરે મીરપુર જૈન તીર્થની પ્રાચીનતાના પુરાવા રજૂ કરતાં પદ્મદર્શનજી મહારાજે સત્સંગીઓ સમક્ષ જણાવ્યું હતું કે; હમીરગઢનગરમાં ભગવાન મહાવીરની વિહારભૂમિ હતી. સંપ્રતિ મહારાજાએ અહીં પાર્શ્વનાથ પ્રભુનું મંદિર નિર્માણ કરાવ્યું હતું. રાજસ્થાનની ધન્યધરા પર સૌથી પ્રાચીન જિનમંદિર તરીકે જિરાપલ્લી પ્રાસાદ હતું. વિ. સંવત ૮૦૮માં હમીરરાજાએ આ ગઢજીતીને અહીં હમીરપુર નગર વસાવ્યું હતું. કાલાંતરે અપભ્રંશ થઇને મીરપુર નગર તરીકે અત્યારે પ્રસિદ્ધ બન્યું છે. અરાવલ્લી પહાડીના એરિયામાં ત્રણેય બાજુ લીલીછમ વનરાજી વચ્ચે આ તીર્થ આવેલું છે. મીરપુરને મોરપુર તરીકે પણ કહી શકીય. કારણકે અહિં એક સેંકડો મોરોનો ટહુકાર મનને મસ્ત બનાવી દે તેવું સુંદર વાતાવરણ છે. અહિં એકપણ હોટલ, ચાની લારી કે ઘર નથી. માત્ર ધર્મશાળા અને ભોજનશાળા છે. તીર્થની દિવ્યતા અને ભવ્યતાના દર્શન અહિં જ મળે છે.

વિ.સં. ૮૨૧ની સાલમાં મહાવીરસ્વામીની ૨૮ મી પાટે આવેલા જ્યાનંદસૂરિજીના ઉપદેશથી સામંત મંત્રીએ જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું. એક સમયે વ્યાપાર અને સંસ્કૃતિથી ધમધમતું આ નગર હતું. અહિં સુપાર્શ્વનાથ, શાંતિનાથ અને મહાવીરસ્વામીજીનાં બીજા ત્રણ જિનાલયો પણ આવેલા છે. ભીડભંજન પાર્શ્વનાથની મંદિરના કલાકૃતિ અને સ્થાપત્ય બેનમૂન છે. પૂર્વના કાળમાં કેવા કલાકારો હશે? આટલી ઝીણી કોતરણી ખૂબ ચીવટ પૂર્વક કરવામાં આવી છે. આજે પણ આ વિરાસતો સચવાઇ રહી છે તે જૈન શાસનનું સદભાગ્ય ગણાય.

રાજસ્થાનના સિહોરમાં મીરપુર જૈન તીર્થમાં પદ્મદર્શનવિજયજી અને પ્રીતદર્શનવિજયજી મહારાજની પાવન પધરામણી

હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ

HeroHousing Finance

રજિસ્ટર્ડ ઓફિસ : ૦૯,કમ્યુનિટી સેન્ટર,બસંત લોક,વસંત વિહાર,નવી દિલ્હી - ૧૧૦૦૫૭ બ્રાંચ ઓફિસ : ૩૦૯,ત્રીજા માળે,નિશાલ સેન્ટર,નિશાલ સર્કલની નજીક,પાલ રોડ,અડાજણ,સુરત - ૩૯૫૦૦૯

સ્થાવર મિલકતના ઈ- ઓક્શન સેલ માટેની જાહેર નોટીસ
[સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૯(૧) હેઠળ]

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ , ૨૦૦૨ અંતર્ગત હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ (સલામત ધિરાણકર્તા) પાસે ગીરો રાખેલી સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ - ઓક્શન નોટીસ

આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલા દેવાદાર અને /સહ દેવાદાર અથવા તેમના કાનૂની વારસદારો/ પ્રતિનિધિઓ(દેવાદારો) જેમની નીચે જણાવેલ સ્થાવર મિલકત જે સલામત ધિરાણકારપાસે ગીરો મુકી હતી જેનો વાસ્તવિક કબજો હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ (સલામત ધિરાણકર્તા)ના અધિકૃત અધિકારીએ લીધેલ છે ,જેનું વેચાણ **૨૨-મે-૨૦૨૪(ઈ-ઓક્શન તારીખ) ના રોજ ' જેમ છે જ્યાં છે' અને જે છે' અને ' જે છે તે છે ' અને ' ગમે ત્યાં હોય' ના** ધોરણે નીચે જણાવેલા દેવાદારો અને સહદેવાદારોના બાકી લેણાની વસુલાત માટે કરવામાં આવનાર છે.અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટની જાણકારી નીચે મુજબ છે.

ઈ -ઓકશનમાં ભાગ લેવા માટે બીડરોએ સીલ્ડ કવરમાં ઇએમડીની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ/આરટીજીએસ/ એનઈએફટી દ્વારા જાહેર ઈ-ઓક્શન માટે બીડ ફોર્મની સાથે **હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડના અધિકૃત અધિકારીને ૨૧-મે-૨૦૨૪ના સાંજે ૫.૦૦ કલાક સુધીમાં બ્રાન્ચ સરનામું: ૩૦૯, ત્રીજા માળે, નિશાલ સેન્ટર, નિશાલ સર્કલની નજીક, પાલ રોડ, અડાજણ, સુરત - ૩૯૫૦૦૯** ખાતે પહોંચાડવાનું રહેશે.

લોન ખાતા નંબર	દેવાદાર(રો)/ કાનૂની વારસદાર(રો)/ કાનૂની પ્રતિનિધી(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસની તારીખ (ડીમાન્ડ નોટીસ મુજબ બાકી રકમ	કબજાનો પ્રકાર (વાસ્તવિક/ સાંકેતિક)	અનામત કિંમત	અર્નેસ્ટ મની
HHFSURHOU 20000011663, HHFSURIPL 20000011669	ઉમેશ શ્યામરાજ ચંદ્રા , ચંદ્રા સરીતા તેઉમેશ ચંદ્રાની પત્ની	૦૨/૧૨/૨૦૨૧ રૂ. ૧૯,૩૧,૫૭૫/- ૨૭/૦૪/૨૦૨૪ ના રોજ	વાસ્તવિક	રૂ. ૭,૨૦,૦૦૦/-	રૂ. ૭૨,૦૦૦/-

સલામત સંપત્તિ/સ્થાવર મિલકતો/ગીરો મુકેલી મિલકતોનું વર્ણન :તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી સ્થાવર રહેણાંક મિલકત પ્લોટ નં.૪૫૬/(કેપેપી મુજબ બ્લોક નં.૧૮૪/૫૫૬) ક્ષેત્રફળ ૪૦.૧૯ ચો.મી.ની સાથે ૨૪.૫૯ ચો.મી. શ્રી વલ્લભ રેસીડેન્સીની રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ભાગ,રે.સ.નં.૧૪૬/૨ અને ૧૪૮ , બ્લોક નં.૧૭૦ ,રીસર્વે બાદ નવો બ્લોક નં.૧૮૪ **ક્ષેત્રફળ ૩૭૮૨૩ ચો.મી. મોજે હલદરૂ તા.પેટા જિ.કામરેજ જિ. સુરત ગુજરાત -૩૯૪૩૧૦ની સાથે ટાઈટલ દસ્તાવેજ મુજબની તમામ સુવિધાઓ ચતુઃસીમા:ઉત્તરે:પ્લોટ નં.૪૪૬,પૂર્વે: પ્લોટ નં.૪૫૫,પશ્ચિમે:પ્લોટ નં.૪૫૦,દક્ષિણે: સોસાયટીનો આંતરીક રોડ**

નિયમો અને શરતો આ મુજબ છે
ઈ - ઓક્શન પોર્ટલ https://sarfaesi.auctiontiger.net દ્વારા ૨૨- મે-૨૦૨૪ (ઈ- ઓક્શનની તારીખે) બપોરે ૨.૦૦ બાદ દરેક માટે મર્યાદિત ૧૦ મિનીટના વધારા સાથે થશે.
રસ ધરાવનારા બીડરોએ ઈએમડી ડીપોઝીટની રકમ આરટીજીએસ/એનઈએફટી અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિ.ની તરફેણમાં જમા કરાવવાવાની રહેશે. નિષ્ફળ બીડરોને ઈએમડીની રકમ ઈ-ઓક્શન પુરૂ થયા બાદ પરત કરવામાં આવશે.
ઈ-ઓક્શનના નિયમો અને શરતો:
**૧) ઈ-ઓક્શન ' જેમ છે જ્યાં છે' અને જે છે' અને ' જે છે તે છે ' અને ' ગમે ત્યાં હોય' ના ધોરણે ઓન લાઈન યોજાશે. ૨) બોલી વધારાની રકમ રૂ.૧૫,૦૦૦/- (રૂપિયા પંદર હજાર પુરા) રહેશે. ૩) ઈ-ઓક્શન મે.ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજિસ લિ. દ્વારા થશે.(હેલ્પ લાઈન નં.૦૭૬૬૨૦૦૫૦૬/૫૪૪/૫૦૬/૫૩૧/ ૫૮૩/૫૬૦,૬૩૫૧૮૬૬૬૪૩ અને